





શ્રી સ્વામિનારાયણ મહોત્સવના ઉપલક્ષમાં સુરત શહેરના મુખ્ય રાજમાર્ગો ઉપર બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે નીકળી


# ઐતિહાસિક ભવ્ય શોભાયાત્રા

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

મે-જુન - ૨૦૧૧

બે વર્ષ લવાજમ રૂા.૧૯૦/-










લાખો લેખે લોકે લીધો લાવ રે, નિરખી નયણે મનોહર માવ રે; એહ દર્શનને પ્રતાપે રે, જાય અક્ષરધામમાં આપે રે.
(પુરુષોત્તમ પ્રકાશ : ૨૮/૧૮)



સુરત ખાતે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ શ્રીજીમંદિરના દશમા પાટોત્સવ પ્રસંગે
‘શ્રી સ્વામિનારાયણ મહોત્સવ’ અંતર્ગત શ્રીમદ્ સત્સંગિજીવન કથાનો લાભ લેવા ઊમટેલી વિશાળ ધર્મકુળ આશ્રિતજન ભક્તમેદની.


















શ્રી સ્વામિનારાયણ મહોત્સવના સુંદર કલાત્મક સભામંચ પર વિરાજમાન સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ,
પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી, પૂ. વક્તાશ્રી તથા ૧૦૮ સંહિતાપાઠીઓ.




Shree Swaminarayan Chintan, May/june - 2011 Reg. No. GRJ - 517, Valid upto 31-12-2011, RNI No. GUJGUJ10785/06/1/03 - TC_Posted at Rajkot RMS on 20th each month.
License to post W.P.P No. G.PMG-RJT/018/2011












Printed and Published by Swami Viraktswrupdasji on behalf of Sardhar and Printed at Shreeji Art, GF-12, Ashirvad Shopping Center, Ashram RD, Paldi - A'MD. and Published from Shree Swaminarayan Temple - Sardhar, Dist-Rajkot - 360025. Editor - Sadhu Patitpavandasji



:: સંસ્થાપક :: :: અધ્યક્ષ ::

શ્રી સ્વામિનારાયણ
# ચિંતન

વર્ષ :- ૬, અંક :- ૧૦-૧૧, તા. ૨૦-૫/૬-૧૧

:: પ્રયોજક ::
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ
પીઠસ્થાન સંસ્થાન - વડતાલ વતી
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

તંત્રી : સાધુ પતિતપાવનદાસજી

:: સંપાદક ::
સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લવાજમના દર ::

| | |
|---|---|
| બે વર્ષ | : ₹. ૧૬૦/- |
| પંચવાર્ષિક | : ₹. ૩૫૦/- |
| પચ્ચીસ વર્ષ | : ₹. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ 200 U.S.A. |
| | : £ 100 U.K. |

:: લવાજમદર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::

'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.sardhardham.org
www.swaminarayanvadtalgadi.org
E-mail : chintansardhar@yahoo.in
sardharmandir@gmail.com

# શ્રી સ્વામિનારાયણ મહોત્સવ

## શ્રી સ્વામિનારાયણ મહોત્સવ - સુરત
## વિશેષાંક શુભેચ્છક
## ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ - સુરત

## અનુક્રમણિકા

૧ સુરતમાં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ... ૦૬
૨ શ્રી સ્વામિનારાયણ મહોત્સવ - સુરત... ૦૮
૩ પોથીયાત્રા તથા દિપપ્રાગટ્ય... ૧૦
૪ પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય આશીર્વાદ... ૧૩
૫ શ્રી ઘનશ્યામ જન્મોત્સવ... ૧૪
૬ ગાદિ-પટ્ટાભિષેકની ઉજવણી... ૧૫
૭ શ્રીહરિ યાગ યજ્ઞ... ૧૬
૮ ૧૦મો વાર્ષિક પાટોત્સવ... ૧૭
૯ સમૂહ મહાપૂજા... ૧૮
૧૦ ઐતિહાસિક શાનદાર ભવ્ય શોભાયાત્રા... ૨૦
૧૧ શ્રીમદ્ સત્સંગિજીવન કથા... ૨૨
૧૨ મહાનુભાવોની શબ્દપુષ્પાંજલિ દ્વારા સ્વયં ઉદ્‌બોધિત અભિવ્યક્તિઓ... ૨૪
૧૩ પ્રસાર-પ્રચાર માધ્યમોની નજરે... ૨૯
૧૪ મહોત્સવના યશસ્વી યજમાનશ્રીઓને રૂડા આશીર્વાદ... ૩૦
૧૫ સત્સંગ સમાચાર પત્રિકા... - સંકલિત ૩૩
૧૬ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું વિદેશ સત્સંગ વિચરણ.... - સંકલિત ૫૫
૧૭ શ્રીમદ્ સત્સંગિજીવન કથા - ન્યૂજર્સી... - સંકલિત ૫૧
૧૮ શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા... ૫૨

લેખન-સંકલન : સાધુ અમૃતસ્વરૂપદાસ
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)

# સુરતમાં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ...







**'ધરા ગુર્જર પર દીંગતું, સુરત છે ન્યારું શહેર;**
**સુરત સોનાની મૂરત, જ્યાં નિત લીલા લહરે.'**

સૂર્યપુર નામથી આદિકાળથી **તાપી નદી** કિનારે વસેલું આ શહેર પહેલા મુઘલો ત્યારબાદ પોર્ટુગીઝો અને પછી અંગ્રેજો માટે મુખ્ય બંદર બની રહ્યું છે. ઐતિહાસીક દૃષ્ટિએ ભગવાન શ્રીકૃષ્ણ જ્યારે મથુરાથી દ્વારકા જતા હતા ત્યારે તેમણે સૂર્યપુરમાં આગમનમાં કર્યું હતું. સૂર્યપુત્રી તાપી નદીનો આ તટ જ કાંઈક અનોખો અને અનેરો છે. વળી, આ ક્ષેત્રમાં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા સમકાલીન નંદસંતોના ઉપદેશથી આ ભાવિકજનો અંતર સત્સંગના રંગે એવા રંગાઈ ગયા કે એ ભગવાન શ્રીહરિ સત્સંગમાં જ્યાં જ્યાં સમૈયા-ઉત્સવોનું આયોજન કરતા ત્યાં ત્યાં આ ઉદાર અને શ્રદ્ધાળુ ભક્તજનો પોતાના પ્રાણપ્યારા ઈષ્ટદેવ માટે વિવિધ ભાતના પોશાકો અને સુવર્ણ અલંકારો તૈયાર કરાવીને મહાપ્રભુના પૂજન માટે પહોંચી જતા હતા. વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી 'ભક્તચિંતામણી' ગ્રંથમાં સુરતના ભક્તજનોના ભક્તિભાવને બિરદાવતા કહે છે :- **'સુંદર ભક્ત સુરતના, અતિ હોંશિલા હરિજન; સ્વામિ સેવામાં સમર્પ્યા, જેણે તન મન ને ધન.'**

આવા સોહામણા સુરત શહેરમાં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ **ચારવખત** પધારેલા છે.

(૧) સૌપ્રથમ **સં. ૧૮૫૬**માં નીલકંઠ વર્ણીવેશે સાત વર્ષના વનવિચરણ વખતે ઉત્તર, પૂર્વ અને દક્ષિણ ભારતના તીર્થસ્થાનોને પાવન કરતા થકા સુરતમાં પધાર્યા હતા. અહિં ગોડિયાબાબાના મંદિરમાં ત્રણ દિવસ સુધી રોકાઈને અશ્વિનીકુમારને આરે સ્નાન કરીને ત્યાંથી આગળ ગયા હતા.

(૨) ભગવાન શ્રીહરિ **સં. ૧૮૭૩**માં ધરમપુરના રાણી કુશળ કુંવરબાઈના ભાવભર્યા આમંત્રણને સ્વીકારીને પ્રબોધીનીનો ઉત્સવ કરીને વડતાલથી ધરમપુર જવા રવાના થયા ત્યારે રસ્તામાં સુરત પાસેના કોસાડ ગામની વાડીમાં

રાત્રિ રહ્યા હતા. તાપી કિનારે સ્નાન અને પ્રાતઃવિધિ કરી, તાપી ઉતરીને લખનૌ દરવાજેથી સુરતમાં પ્રવેશ કર્યો. અને ત્યાંથી બુરાનપુરી ભાગોળે થઈને ઉધના પધાર્યા હતા.

(૩) ધરમપુરના રાણી કુશળ કુંવરબાઈને ત્યાં ધામધૂમથી વસંત પંચમીનો સમૈયો કરી શ્રીજીમહારાજ સંતો-હરિભક્તોના સંઘ સાથે પાછા ફરતી વખતે સુરતમાં કતારગામમાં રાત્રિ રોકાણ કર્યું હતું. જે ભક્તજનો ધરમપુર સમૈયામાં નહોતા જઈ શક્યા એ બધાએ  કતારગામે ભગવાન શ્રીહરિના દર્શન પૂજનનો લાભ લીધો હતો.

(૪) વડતાલ મંદિરના ત્રણેય શિખરો પર ધ્વજારોહણ પ્રસંગે સુરત અને વડોદરાના ભક્તોની ખેંચતાણના સમાધાનરૂપે શ્રીજીમહારાજ **સં. ૧૮૮૩**ના વડતાલના કારતિકી સમૈયા પછી સુરત પધાર્યા હતા. ત્યારે ભક્તજનોએ આખા સુરત શહેરમાં ભવ્ય શોભાયાત્રા કાઢીને ભગવાન શ્રીહરિનું સ્વાગત-સામૈયું કર્યું હતું. શ્રીજીમહારાજે  ચોથી વખતના સુરતમાં નિવાસ દરમ્યાન અંગ્રેજ અધિકારી એરણ સાહેબના બંગલે, નવાબસાહેબના મહેલે, રૂસ્તમબાગ વગેરે જગ્યાઓ પધરામણી કરી હતી. તેમજ પારસી ભક્તરાજ અરદેશરજીની લાગણી જોઈને તેમની વાડીએ પધાર્યા હતા. અહિં અંતર્યામી ભગવાન શ્રીહરિએ અરદેશરના અંતરની આકાંક્ષા જાણીને એમને પાસે બોલાવીને પોતાની પાઘ માથેથી ઉતારીને સહર્ષ અરદેશરને આપી હતી. (આજે આ પાઘને ૧૮૫ વર્ષ વ્યતીત થઈ ગયા હોવા છતાં પણ એ પ્રસાદિભૂત પાઘ આજે હયાત છે. ભક્તરાજ અરદેશરજીના પારસી પરિવારે પારદર્શક કાચની પેટીમાં એને સાવધાનીથી જાળવી રાખી છે અને સુરતમાં દર ભાઈબીજે એના દર્શને ભાવિકભક્તો આવે છે.)

આમ, ભગવાન શ્રી સ્વામિનારાયણ સુરત શહેરમાં વખતોવખત પધારીને તાપી નદી તેમજ અન્ય વિસ્તારોને પોતાના પવિત્ર ચરણરજથી પાવન કર્યા છે. સુરત શહેરની વસ્તી આજે ૪૫ લાખ ઉપરાંત છે. 'સુરત એટલે સોનાની મૂરત' એવું જૂના જમાનામાં જે કહેવાતું તેની આજે ઝાંખી થાય છે. ગુજરાતમાં સુરતનો ખૂબ ઝડપી વિકાસ થયો છે તેમ સાથે સાથે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગીઓ પણ ગુજરાતના અન્ય સ્થાનો કરતા સુરત શહેરમાં સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતો અને સત્સંગ કથા-વાર્તા, દેવદર્શન, નિયમપાલન અને સેવાભક્તિમાં સવાયા જોવા મળે છે.



"સુરતમાં પારસી ભક્તરાજ શ્રી અરદેશર કોટવાલની વિનંતીથી નવાબના ચિત્રકાર મીઠારામના સંકલ્પથી ભગવાન શ્રીહરિએ પોતાની આ ઐતિહાસિક ચિત્રમૂર્તિ તૈયાર કરાવી હતી, જેમાં મધ્યે ભગવાન શ્રી સ્વામિનારાયણ તપમુદ્રામાં તપ કરી રહ્યા છે અને બદરીપતિ નર-નારાયણ ભગવાન શ્રીહરિની સ્તુતિ કરી રહ્યા છે."

શ્રી સ્વામિનારાયણ મંદિર - શ્રીજીનગરના ૧૦મા વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં સુરતને આંગણે ઉજવાયો અતિ ભવ્ય

# શ્રી સ્વામિનારાયણ મહોત્સવ




જે ભૂમિ સર્વાધાર, સર્વકારણના કારણ, કરુણાવરુણાલય ઉપાસ્ય ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ના શ્રી નીલકંઠ વર્ણીવેશે તેમજ રાજાધિરાજ રૂપે પાવન પદારવિંદથી પુનિત થયેલી છે તેમજ શ્રીજીમહારાજે પોતાના સ્વમસ્તકની પાઘ ઉતારીને આપી છે એવા અરદેશર કોટવાળ, ભાલચંદ્ર શેઠ, મુનિબાવા જેવા અનેકો ભક્તો થયા છે તેવા મહાન ભાગીરથી તાપી નદીને તટે આવેલા **સૂર્યપુર (સુરત)** શહેરને આંગણે **શ્રી નારાયણમુનિ દેવ**ની અનહદ અમીવૃષ્ટિ દ્વારા **૧૦ વર્ષ** પૂર્વે વડતાલ દેશ ગાદિપીઠાધિપતિ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના શુભ વરદ્ હસ્તે **મૂર્તિ પ્રતિષ્ઠા** થઈ અને સુરત શહેરના વરાછા રોડ વિસ્તારના શ્રીજીનગરમાં સંપ્રદાયમાં **અદ્વિતીય** ભજન-ભક્તિ, અખંડધૂન, દિવસમાં ૧૦-૧૦ કલાક સત્સંગ કથાવાર્તા અને ભજનના અખાડારૂપ **સ્થાન** બન્યું અને પ્રતિષ્ઠા થઈ ત્યારથી જ **દર વર્ષે** ભવ્યાતિ ભવ્ય સાત સાત દિવસના આયોજન સાથે **'વાર્ષિક પાટોત્સવ'** ઉજવાતા રહ્યા. અને દિવસે દિવસે સત્સંગ પૂર્ણમાસીની ભરતીની પેઠે વધતો જ રહ્યો. તેમાં પણ સોનામાં સુગંધ ભળે તેમ **દશમો પાટોત્સવ** આવતો હોય, જેથી એક વર્ષ અગાઉથી જ સતત ભક્તોના હૃદયમાં આ મહોત્સવને સવિશેષ ભવ્યાતિ ભવ્ય રીતે ઉજવાય તેવો થનગનાટ મનમાં રાચતો હતો અને જોતજોતામાં તે દિવસ આવી ગયો. અને એજ કોડ ભરેલા દિવ્ય દિવસોને સાકાર કરતા ભગવાન શ્રીહરિની વાત્સલ્યપૂર્ણ કૃપા દૃષ્ટિથી તેમજ વડતાલ દેશ પીઠાધિપતિ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા **પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ લાલજી શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી ધર્મકુળ આશ્રિત સમસ્ત સુરત

સત્સંગ સમાજ મળી **'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ'** સં. ૨૦૬૭ વૈશાખ સુદ - ૭, તા. ૧૦-૫-૨૦૧૧, મંગળવાર થી સં. ૨૦૬૭ વૈશાખ સુદ - ૧૫, તા. ૧૭-૫-૨૦૧૧, મંગળવાર સુધી અતિ ભવ્ય ઉજવ્યો.



આ મહોત્સવમાં અખંડધૂન, મહામંત્ર લેખન, શ્રીહરિયાગ યજ્ઞ, ૫૦૦૦થી વધારે સમૂહ મહાપૂજા, ઐતિહાસિક ભવ્ય શોભાયાત્રા અને વિધવિધ કેમ્પોનું **આયોજન** કરવામાં આવ્યું હતું. સાથે સાથે ભગવાન શ્રીહરિએ ગઢડા અંત્ય પ્રકરણના ૨૪મા વચનામૃતમાં સ્પષ્ટ કહ્યું છે કે, મુમુક્ષુમાં મોક્ષના ખપરૂપ કથા જ અનેક શુભગુણના કારણભૂત છે. અને તેમાં પણ ગઢડા મધ્ય પ્રકરણના ૫૮મા વચનામૃતમાં ભગવાન શ્રીહરિ એમ બોલ્યા છે કે, 'અમારા સંપ્રદાયની પુષ્ટી અમારા જન્મથી લઈ તિરોધાન સુધીના **ચરિત્ર**ના માધ્યમથી જ થાય છે. તે અમૂલ્ય દિવ્ય વચનોને સાકાર કરવા આ મહોત્સવ પ્રસંગે સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી દ્વારા રચિત સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ **'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'**નું દિવ્ય આયોજન થયું. આ કથાનું રસપાન દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી** ગીત-સંગીતના તરંગોના કલરવ સાથે નિજ શૈલીમાં કરાવી પ્રભુભક્તિમાં રસતરબોળ કર્યા હતા.



આ 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ'ને માણવા લાખોની સંખ્યામાં કાઠિયાવાડ, કચ્છ, ઝાલાવડ, સોરઠ, હાલાર, ચરોતર વગેરે પ્રદેશો તેમજ મહારાષ્ટ્ર આદિક અન્ય રાજ્યમાંથી ભક્તસમુદાય ઉમટ્યો હતો. આજના આધુનિક યુગમાં ઈન્ટનેટ તેમજ સંસ્કાર ચેનલ અને સુરત-સૌરાષ્ટ્રની ચેનલોની માધ્યમથી દેશ-વિદેશમાં વસતા લાખોની સંખ્યામાં ભાવિક ભક્તોએ પણ આ મહોત્સવ અતિ ઉત્સાહ-ઉમંગથી પ્રત્યક્ષાનુભૂતિ સાથે માણ્યો હતો.

આ મહોત્સવમાં બંને **પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ. અ.સૌ. ગાદિવાળા માતુશ્રી, બંને પ.પૂ. અ.સૌ. વહુજી મહારાજશ્રી,** બંને **પૂ. બહેનશ્રીઓ** તેમજ **પૂ. લાલીરાજાશ્રી** સહિત ધર્મકુળ પરિવાર હાજર રહી સભામંચના બંને સત્રમાં ભક્તજનો દર્શન-અમૃતવાણી અમૂલ્ય લાભ આપ્યો હતો.



તો ચાલો..., શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના નિષ્ઠાવાન આશ્રિતોની ષડ્અંગી સંપ્રદાય પ્રત્યેની અદકેરી નિષ્ઠાના દર્શન કરાવતો, સર્વોપરી ભક્તિની શક્તિથી એકતાની સુદૃઢતા કરાવતા અને સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના મૂળભુત સિધ્ધાંતો અને શુદ્ધ આજ્ઞા તથા ઉપાસનાની પુષ્ટિ કરાવતા આ **'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ'**રૂપી શ્રી સ્વામિનારાયણીય અસ્મિતાના સતત વહેલા **ગંગાપ્રવાહ**માંથી **રસરૂપ સમાન** અમૃતરસથી **પરિપૂર્ણ** ભરાયેલા અનેકાનેક **રસસભર અમૃતકુંભો**માંથી 'કોટિમાંથી કિંચિત્' એ ન્યાયે આ **ચિંતન અંક**ના માધ્યમથી એક **અલ્પ આચમન** કરીએ...

# પોથીયાત્રા તથા દિપપ્રાગટ્ય

તા. ૧૦-૫-૨૦૧૧, વૈશાખ સુદ - ૭


















તા. ૧૦-૫-૨૦૧૧ના રોજ રાત્રે ૮.૩૦ કલાકે મુખ્ય યજમાનશ્રીના નિવાસસ્થાને પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી તથા પૂ. વક્તાશ્રી આદિક વડિલ સંતો-ભક્તોની પવિત્ર નિશ્રામાં પોથીયાત્રાનો શુભ પ્રારંભ કરવામાં આવ્યો હતો. સભાસ્થળે સૌપ્રથમ અખંડધૂન અને મંત્રલેખનનો પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી તથા પૂ. ચેરમેન સ્વામી, પૂ. કોઠારી સ્વામી આદિક સંતોના વરદ્ હસ્તે કરવામાં આવ્યો હતો. ત્યાર સભામંડપના મુખ્ય પ્રવેશદ્વારનું વેદોક્તવિધિથી બંને પ.પૂ. લાલજી મહારાજશ્રીના કરકમળો દ્વારા પૂજન કરવામાં આવ્યું હતું.











## પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા પોથીજીનું પૂજન-સ્વાગત તથા વક્તાશ્રીને રૂડા આશીર્વાદ

શ્રી સ્વામિનારાયણ મહોત્સવ પ્રારંભે

# પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય આશીર્વાદ

ભગવાન શ્રી સ્વામિનારાયણે **અનંત જીવાત્માના કલ્યાણને અર્થે** આ ધરા ઉપર **સર્વોપરી ઉપાસના** અને **ભક્તિનો માર્ગ**, શુદ્ધ સિદ્ધાંતો અને **મર્યાદાનો માર્ગ**, સદાચાર અને સમાજના કલ્યાણનો માર્ગ **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય**ના રૂપમાં આપણને આપેલો છે.

આમ તો **ભારતીય સંસ્કૃતિ** યુગોથી **પ્રભુ પ્રાધાન્ય** જે ઉપાસના-ભક્તિના પિયુષોનું **રસપાન** કરતી આવી છે. અનંત જીવાત્માઓએ ભગવાનની ઉપાસના-ભક્તિના માર્ગને અનુસરીને પોતાના જીવાત્માનું **કલ્યાણ** કર્યું છે. અને એ માર્ગ **અવિતરપણે** વહેતો રહે, આ સંસાર મોહમાયાના બંધનમાંથી મુક્ત થાય, જગતના ત્રિવિધ તાપ થકી એનું **રક્ષણ** થાય, એના મનને શાંતિ મળે, સુદઢતા મળે અને ધર્મપરાયણ જીવન થાય એ જ હેતુસર જ્યારે સુરતને આંગણે ભગવાન શ્રીહરિના પ્રસાદિભૂત શ્રી નારાયણમુનિ દેવની છત્રછાયામાં કિલ્લોલ કરતો આ સત્સંગને વધુ સત્સંગનું બળ મળે, ભજન-ભક્તિનું સુખ મળે અને ખાસ પરિસ્થિતિ વિપરીત હોય ત્યારે **ભગવાન શ્રીહરિ સ્થાપિત સિદ્ધાંતોનું રક્ષણ** અને **પોષણ** થાય એ હેતુસર આજથી ૧૦ વર્ષ પૂર્વે આપણા સહુ કોઈના ગુરુ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ શ્રીજીમંદિરમાં **ભગવાન શ્રીહરિની મૂર્તિ**ની **સ્થાપના** કરીને આપણને ઉપાસના-ભક્તિનું **કેન્દ્રસ્થાન** આપ્યું છે.

આજે એ શ્રીજીમંદિરના **૧૦ વર્ષ** પરિપૂર્ણ થતાં હોય ત્યારે વિપરીત પરિસ્થિતિમાં પણ **ધર્મકુળ આશ્રિત સત્સંગ સમાજ**ને સિદ્ધાંતનું **પોષણ** મળતું રહે એવું જે અવિરતપણે થતું કાર્ય અને એ કાર્ય આગળ પણ ચાલતું રહે, એના માધ્યમથી **હજારો મુમુક્ષુ જીવાત્માઓ** ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્થાપેલા સિદ્ધાંતો અને આજ્ઞાને **પોતાના જીવનનું અંગ** બનાવી પોતે કલ્યાણના અધિકારી બને એવા **શુભઆશય**થી આ **'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ'** નિર્માણ થયો છે ત્યારે વડતાલ, ગઢડા, જૂનાગઢ પ્રદેશના સંતો-ભક્તો અને યજમાનો તેમજ મહોત્સવનો ભાગ લઈ રહેલ **તમામ ભાવિક ભક્તો**ને અમો હૃદયથી **શુભકામના** પાઠવીએ છીએ.

આ મહોત્સવ **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય**ના **સમસ્ત આશ્રિતજનો**નો છે તે માટે કોઈપણ ભેદભાવ, રાગ-દ્વેષ કે ઈર્ષ્યા વગર **દરેકને માટે** મહોત્સવના દ્વાર ખુલ્લા છે. જેમને પોતાના કલ્યાણની ઈચ્છા હોય, જેમને સત્ય સિદ્ધાંતો પોતાના જીવમાં ઉતારવા હોય, જેમને ભગવાન શ્રીહરિને પામવું હોય એ **તમામ ભક્તો**ને અમારું આ મહોત્સવમાં પધારવાનું **જાહેર આમંત્રણ** છે.

ને અમારું આ મહોત્સવમાં પધારવાનું **જાહેર આમંત્રણ** છે.

આ મહોત્સવ **સત્સંગના વિકાસ** અને **એકતા**ના કાર્યની અંદર સાર્થક નીવડે તેવી **વડતાલવાસી શ્રીહરિકૃષ્ણમહારાજ**ના **શ્રીચરણોમાં પ્રાર્થના** સહ.... **શ્રી નારાયણમુનિ દેવની જય....**



'આ મહોત્સવ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સમસ્ત આશ્રિતજનોનો છે તે માટે કોઈપણ ભેદભાવ, રાગ-દ્વેષ કે ઈર્ષ્યા વગર દરેકને માટે મહોત્સવના દ્વાર ખુલ્લા છે. જેમને પોતાના કલ્યાણની ઈચ્છા હોય, જેમને સત્ય સિદ્ધાંતો પોતાના જીવમાં ઉતારવા હોય, જેમને ભગવાન શ્રીહરિને પામવું હોય એ તમામ ભક્તોને અમારું આ મહોત્સવમાં પધારવાનું જાહેર આમંત્રણ છે.'

શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણ અંતર્ગત ધામધૂમપૂર્વક ઉજવાયો

# શ્રી ઘનશ્યામ જન્મોત્સવ

**તા. ૧૧-૫-૨૦૧૧, વૈશાખ સુદ - ૭**











શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણ અંતર્ગત ભગવાન શ્રીહરિના જેતપુર

# ગાદિ-પટ્ટાભિષેકની ઉજવણી

**તા. ૧૩-૫-૨૦૧૧, વૈશાખ સુદ - ૧૧**











શ્રી સ્વામિનારાયણ મંદિર - શ્રીજીનગરના દશમા પાટોત્સવ પ્રસંગે યોજાયેલ

# શ્રીહરિ યાગ યજ્ઞ

તા. ૧૩ થી ૧૪-૫-૨૦૧૧, વૈશાખ સુદ - ૧૧ થી ૧૨













પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયો શ્રીજીમંદિરનો

# ૧૦મો વાર્ષિક પાટોત્સવ

**તા. ૧૪-૫-૨૦૧૧, વૈશાખ સુદ - ૧૨**

























પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૨૮મા ગાદિપટ્ટાભિષેક પ્રસંગે બંને પ.પૂ. લાલજી મહારાજશ્રીની પવિત્ર નિશ્રામાં સમૂહમાં ૫૦૦૦થી વધારે

# સમૂહ મહાપૂજા

**તા. ૧૫-૫-૨૦૧૧, વૈશાખ સુદ - ૧૩**

આ મહોત્સવ તેમજ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૨૮મા ગાદિપટ્ટાભિષેક પ્રસંગે સમૂહમાં ૫૦૦૦થી વધારે મહાપૂજાનું દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મહાપૂજામાં બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. વક્તાશ્રી આદિક વડિલ સંતો પણ જોડાયા હતા. વિદ્વાન શ્રી નિકુંજ મહારાજે (નડિયાદ) શાસ્ત્રોક્ત-વેદોક્તવિધિ આ મહાપૂજા ફળ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કરકમળો સમર્પિત કરાવ્યું હતું.



# ઐતિહાસિક

સં. ૧૮૮૩ના કારતક માસમાં ભગવાન શ્રીહરિની શાનદાર શોભાયાત્રા સુરતના ભક્તોએ કાઢી હતી. આ શોભાયાત્રાના દર્શન માટે ચોમેર જનમેદની હતી. જેની નોંધ લેતા સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

'આવ્યા શહેરમાં સુંદર શ્યામ,
ધાયાં દર્શને પુરુષ ને વામ;
આવી ઊભાં છે બહુ બજારે,
લેખું ન થાય લાખ હજારે.
કૈંક ચડ્યાં અટારી ઝરુખે,
કૈંક ગઢ ઘર વળી ગોખે;
પહેરી નિલી પીળી લાલ સાડી,
શ્વેતે શોભે જેમ ફૂલવાડી.'

આમ, ઠેરઠેર જનમેદની દર્શન અને સ્વાગત માટે ઉભરાણી હતી.

આ ભગવાન શ્રીહરિની શોભાયાત્રાની પુનઃ ઝાંખી થાય તેમજ સૌના ભાગ્યને પુનઃ જાગ્રત થાય તે માટે શ્રી સ્વામિનારાયણ મહોત્સવ અંતર્ગત પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં ઐતિહાસિક અને અભૂતપૂર્વ શાનદાર ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. આ શોભાયાત્રાથી એક અદ્‌ભુત રોમાંચ અહિં વસાતા તમામ શહેરવાસીઓને અનુભવાતો હતો.

સાંજે ૪.૦૦ કલાકે શોભાયાત્રાનો પ્રારંભ થયો હતો. આ શોભાયાત્રામાં મહોત્સવના ધ્વજ બેનર સાથે ૫૦૦થી વધારે ટુ-વ્હિલર બાઈક સાથે યુવકોનું વૃંદ, મંગલ ધૂનની સૂરાવલિઓ રેલાવતું બેન્ડ, ડી.જે., રામઢોલ, ટ્રેક્ટરો, બગીઓ,પૂ. વક્તાશ્રીનો મયુરરથ, પ.પૂ. નાના લાલજી મહારાજશ્રીનો હંસરથ, પ.પૂ. લાલજી મહારાજશ્રીનો મહાભારત રથ અને અંતમાં કળશધારી સ્ત્રીભક્તોની સાથે અસંખ્ય સ્ત્રીભક્તો જોડાયા હતા.

શ્રી સ્વામિનારાયણ મહોત્સવના ઉપલક્ષમાં સુરત શહેરના મુખ્ય રાજમાર્ગો ઉપર બંને પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે નીકળી

# શાનદાર ભવ્ય શોભાયાત્રા

તા. ૧૫-૫-૨૦૧૧, વૈશાખ સુદ - ૧૩


















શ્રી સ્વામિનારાયણ મહોત્સવના અંતર્ગત આયોજીત પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે

# શ્રીમદ્ સત્સંગિજીવન કથા

**તા. ૧૦ થી ૧૭-૫-૨૦૧૧, વૈશાખ સુદ - ૭ થી ૧૫**





શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથનો **મહિમા અપરંપાર** છે, તેનું યથાર્થ વર્ણન કરવા માટે તો શબ્દો ઓછા પડે. આ ગ્રંથની સર્વોપરિતા એ છે કે **ભગવાન શ્રી સ્વામિનારાયણે** સ્વયં સાંભળીને આ ગ્રંથને **પ્રમાણિત** કરેલ છે. આ ગ્રંથમાં સંપ્રદાયના **મૂળભૂત સિદ્ધાંતો** અને **ધાર્મિક વિધિવિધાનો**ની સાથે સાથે સુખ-શાંતિપ્રદ મોક્ષમુલક ભગવાન શ્રીહરિના **લીલાચરિત્રો**નું અખંડ સ્મરણ થાય છે.

**સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી** દ્વારા વિરચિત આ **શ્રીમદ્ સત્સંગિજીવન** ગ્રંથ સંપ્રદાયના **પોષણ**, **પ્રચાર** અને **પ્રસાર** માટે **સર્વોપરી ગ્રંથ** છે. અને તમામ મુમુક્ષુ જીવાત્માઓ તથા સંપ્રદાયના આશ્રિત સર્વે **સંતો-હરિભક્તો** માટે અમૂલ્ય અને અનન્ય **દિવ્ય ખજાનો** છે. માટે દરેક મોક્ષભાગી જીવાત્માઓએ આ ગ્રંથનું **વાંચન-શ્રવણ-મનન** દરરોજ કરવું જોઈએ.

સદ્. શતાનંદ સ્વામી આ ગ્રંથનો મહિમા વર્ણવતા લખે છે :

'अत्यादरेण यैः पीतं सत्सङ्गिजीवनामृतम् ।
कालव्यालमहात्रासमुक्तास्ते यान्ति तत्पदम् ॥'

અતિ આદરપૂર્વક જેઓ આ **સત્સંગિજીવનરૂપી અમૃત** પીએ છે તેઓ કાળરૂપી મોટા સર્પના ત્રાસથી છૂટીને

**ભગવાનના ધામને** પામે છે. (શ્રી સત્સંગિજીવન માહાત્મ્ય : ૧/૪૪)

આ આખો ગ્રંથ તો શું પણ સ્વામી કહે છે :

'मुहूर्तं वा तदर्धं वा क्षणं वाऽस्य शुभां कथाम् ।

ये शृण्वन्ति नरा भक्त्या न तेषामस्ति दुर्गतिः ॥'

એક મુહૂર્ત અથવા અડધું મુહૂર્ત અથવા એક ક્ષણ વાર પણ જો માણસ શ્રદ્ધા-ભક્તિપૂર્વક આ કથા સાંભળે છે તો તેની કોઈ દિવસ અસદ્‌ગતિ થતી નથી. (શ્રી સત્સંગિજીવન માહાત્મ્ય : ૨/૧૧)

આ ગ્રંથ જ્યારે પૂર્ણ થયો ત્યારે અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વયં તેનું પૂજન કરવા માટે તત્પર થઈ પોતાની ત્રણ છોગલાવાળી પાઘ ઉપર આ ગ્રંથને પધરાવી ગઢપુરમાં શ્રી ગોપીનાથજી મહારાજના મંદિરથી શ્રી લક્ષ્મીવાડી સુધી સુધી નાચતા નાચતા ગયા. અને તેની પોતે સ્વયં આરતી ઉતારી અને પોતાના શ્રીમુખે આ શાસ્ત્રની પ્રશંસા કરતા થકા ગ્રંથકર્તા પ્રત્યે કહ્યું : 'रमणीयमिदं शास्त्रं सर्वशास्त्रशिरोमणिः' હે શતાનંદ સ્વામી ! તમારા દ્વારા લખાયેલ રમણીય આ શાસ્ત્ર સર્વ શાસ્ત્રોમાં શિરોમણીરૂપ છે અને ભવિષ્યમાં પણ શિરમોડ બની રહેશે.

શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથ એટલે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું સંપૂર્ણ બંધારણીય માળખું છે. અને સાથે સ્વયં ભગવાન શ્રીહરિ અને તેમના નામથી પ્રસિદ્ધ સંપ્રદાયનો સરળતાથી પરિચય આપતો આ ગ્રંથ છે.

આ 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ' દરમ્યાન સાત દિવસ સુધી સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના અનુપમ ચરિત્રોથી સભર મહાન ગ્રંથરાજ 'શ્રીમદ્ સત્સંગિજીવન' ગાન થયું. અને એ પણ ગ્રંથના હૃદયગત સિદ્ધાંતને વરેલા સંત પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે.

ગાડી તમે તેટલી કિંમતી હોય, પરંતુ જો તેને ચલાવનાર વ્યક્તિ જો શિખાય હોય તો નક્કી ગાડીનું એક્સીડન્ટ થાય. માટે ગાડીની સાથે સાથે તેને ચલાવનાર ડ્રાઈવરની કુશળતા ઘણી મહત્ત્વની કિંમત ધરાવે છે. તેમ શાસ્ત્ર ગમે તેટલું મહાન હોય પરંતુ તેનું અર્થઘટન કરી શ્રોતાઓ સમક્ષ રજૂ કરનાર વક્તાની કુશળતા તે શાસ્ત્રની કિંમતની સાથે સાથે મહત્ત્વતા ધરાવે છે.

પૂ. સ્વામીએ ભગવાન શ્રી સ્વામિનારાયણનો હૃદયગત સિદ્ધાંત સમજાવાનો પોતાની વિદ્વત્તાસભર આગવી શૈલીમાં સફળ પ્રયાસ કર્યો. પૂ. સ્વામીની સચોટ અને આચરણ સુસંગત વાણીએ હજારો ભક્તોના જીવન પરિવર્તીત કર્યા. તેમજ સંપ્રદાયના મૂળભુત સિદ્ધાંતો સમજાવીને લાખો મુમુક્ષુ જીવાત્માઓને સાચી આધ્યત્મિક પ્રગતિનો માર્ગ મોકળો કર્યો છે.










શ્રી સ્વામિનારાયણ મહોત્સવ - સુરત પ્રત્યે ખૂબજ ભાવ અને પ્રેમપૂર્વક પધારેલા

# મહાનુભાવોની શબ્દપુષ્પાંજલિ દ્વારા સ્વયં ઉદ્‌બોધિત અભિવ્યક્તિઓ...

## પ.પૂ. જગદ્‌ગુરુ શંકરાચાર્ય શ્રી નિશ્ચલાનંદ સરસ્વતીજી મહારાજ ગોવર્ધનપીઠ, જગન્નાથપુરી



आचार्यप्रवर श्री लालजी महाभाग, यतिवृंद, विद्वतवृंद एवं भक्तवृंद...

आप महानुभावोने अद्‌भुत आस्था और उत्साहभावपूर्वक इस भव्य कार्यक्रम समायोजन किया है । इस भव्य कार्यक्रम के समायोजन और संचालनमें जिन महानुभावो का गुप्त अथवा प्रकट योगदान है । उनका भगवान श्री जगन्नाथ की अनुकंपासे सबविध उत्कर्ष हो, ऐसी भावना और प्रभुसे प्रार्थना है ।।

श्री स्वामिनारायण संप्रदाय के योगसे और हमलोगो के सहयोगसे दश-बीस चलते-फिरते आत्मबम्ब तैयार हो जाते है तो हमे करोडो एटम् बोम्बसे हमको भय नहि रहेगा ।

## પ.પૂ. નાનાલાલજી શ્રી પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી - વડતાલ



કોઈપણ મનુષ્ય **પ્રગતિ**ના **પંથ** ઉપર હોય ત્યારે તેની ખબર તેના ચહેરા ઉપર પડે છે. અને ચહેરાનો **પર્યાયવાચક** શબ્દ **'સુરત'**ને કહેવામાં આવે છે. સુરતનો અર્થ **'ચહેરો'** થાય છે. આજે અમને કહેતા અતિશયોકિત નથી થતી કે, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના **પ્રગતિના પંથ** છે તે આ સુરતના શ્રી સ્વામિનારાયણ મહોત્સવની સભા ઉપરથી જણાય છે. તમારા બધાની ચહેરાની રોનક એ બતાવે છે કે, ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્થાપેલા સિદ્ધાંતો અને આજ્ઞાઓને વળગીને તમો રહ્યા છો, તે બિરદાવવા યોગ્ય છે.

સુરત કાર્યક્ષેત્રની પરત્વે **વિકાસ** પામી રહ્યું છે, પરંતુ આજે અમને કહેતા આનંદ થશે કે, જેમ જેમ **વિસ્તાર** વધે છે તેમ તેમ આ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો **સમુદાય** પણ વધી રહ્યો છે.

## પૂ. શા. સ્વામી શ્રી પ્રેમસ્વરૂપદાસજી - ચેરમેનશ્રી, જૂનાગઢ




આ શ્રી સ્વામિનારાયણ મહોત્સવે **પુરવાર** કરી બતાવ્યું છે કે, શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં શ્રી લક્ષ્મીનારાયણ દેવની ગાદીનું જે **નેતૃત્વ**, સાચું સ્વરૂપ અને તેના **વર્તમાન આચાર્ય** ને અનુગામી આચાર્ય કોણ છે તે **સિદ્ધ** કરી બતાવ્યું છે. આ શ્રીજીમંદિર સ્થૂળભાવે તેનું સ્વરૂપ નાનું હશે, પરંતુ સિદ્ધાંતની રક્ષા કરવા માટે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ, પ.પૂ. લાલજી મહારાજશ્રીના **પ્રેરણાસ્રોત** વચનો અને પૂ. નિત્યસ્વરૂપદાસજી સ્વામી જેવા અનેક સંતોનો દાખડો રહ્યો છે.

વેદ-ઉપનિષદો કહે છે કે, હંમેશા **સત્યનો જ વિજય** રહ્યો છે. તેવી જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણે આ **ગાદીની સ્થાપના** કરી છે તેમાં પણ હંમેશા માટે સત્ય સિદ્ધાંત રહ્યો છે. અને આજે પણ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના માધ્યમથી સત્ય સિદ્ધાંત અસ્તિત્વ ધરાવે છે અને ભવિષ્યમાં પણ તેઓના નેતૃત્વમાં જ આ સત્ય સિદ્ધાંત રહેશે ને રહેશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

## પૂ. કો. શા. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજી - ગઢપુર



એક ચિંતામણી હજારો લોખંડના ટૂકડાને સોનુ બનાવી દે છે, પરંતુ હજારો સોનાના ટૂકડા ભેગા થઈ એક **ચિંતામણી** ન બનાવી શકે. તેમ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે **આચાર્યરૂપી ચિંતામણી** આપણને આપી છે. તેમાં પછી હજારો કે લાખો ભેગા થઈ એક ચિંતામણી કે આચાર્ય ન બનાવી શકે. એક ભગવાન શ્રીહરિએ સ્થાપિત કરેલા આચાર્યશ્રી જ આચાર્યશ્રીની નિયુક્તિ કરે છે. આ વાત જરૂર યાદ રાખજો. આ મહોત્સવમાં **પ.પૂ. શંકરાચાર્યજી મહારાજ** પધાર્યા ત્યારે તેમની સાથે પણ **ભાવિ શંકરાચાર્ય** હતા. આપણા સહુ કોઈના કોઈ પ્રાણ હોય તે આ **પ.પૂ. ૧૦૮ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ** છે. આ મહોત્સવની સભા તો ગઢડા મહોત્સવની પણ વિશાળતાને ભૂલાવી દે છે.

## પૂ. મહંત શા. સ્વામી શ્રી પુરુષોત્તમપ્રકાશદાસજી (પી.પી. સ્વામી) - અમદાવાદ



શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં **ખૂબજ મહત્ત્વ** અને **મૂડી** કહીએ તો એ **સર્વપ્રથમ** આપણા ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણ** છે, **દ્વિતીય ક્રમે** ભગવાન શ્રીહરિ સ્થાપિત **દેવો** છે અને **તૃતીયક્રમે** ભગવાન શ્રી સ્વામિનારાયણે **સ્વહસ્તે સ્થાપિત** કરેલા **ધર્મવંશી આચાર્યશ્રીઓ** છે. આ આપણી **મૂડી** છે, તેની કિંમત જેટલી સમજીએ તેટલી આપણી **મહત્તા** વધે છે. આ ત્રણેયને જેટલા આપણે જતન કરીને સાચવીએ, જેટલો આપણે **પ્રચાર** કરીએ, જેટલું એનું મહત્ત્વ આપીએ એટલો આપણો સત્સંગ વધે છે. જ્યારે આપણે તેને મૂડી તરીકે આંકીએ છીએ ત્યારે એની આપણે **ઈજ્જત** કરી શકીએ છીએ. જેમ મનુષ્યો પોતાની મૂડી કે ધનને માટે બધું જ કરી છૂટવા તૈયાર છે તેમ ઈષ્ટદેવ, દેવો અને આચાર્યશ્રી - આ **ત્રણેયને માટે** જ્યારે બધું જ કરી છૂટવા માટે તૈયાર હોય તે જ **સાચા સંત** છે અને **સત્સંગી** છે. આ **સમૈયા-મહોત્સવો** આ **ત્રણેયને મજબૂત** કરવા માટે **ખૂબજ જરૂરી** છે.

## પૂ. સ્વામી શ્રી સત્યપ્રકાશદાસજી (એસ.પી) - ગઢડા





પ.પૂ. લાલજી મહારાજશ્રીના હૃદયમાં **'આ મારો કે તારો'** એવો કોઈ સંકલ્પ કે વાત નથી. એમની **એક જ વાત** છે કે, ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્થાપિત કરેલા **સિદ્ધાંતો**નું અણિશુદ્ધ પાલન, સંપ્રદાયમાં **એકતા** અને **શાંતિની સ્થાપના** થાય. અને તે માટે (તેઓશ્રી) સતત **પ્રયત્નશીલ** રહ્યા છે. આપણે પૂર્વે આચાર્યશ્રીઓએ **સંતો-ભક્તોની સેવા** કરી હોય તેવા **દૃષ્ટાંતો** રૂપકો કે કથા-વાર્તા દ્વારા રજૂ કરીએ છીએ, પરંતુ સંતોએ આચાર્યશ્રીઓને પોતાની જાતને **સમર્પિત** કરી દીધી હતી તેવા **દૃષ્ટાંતો** કેમ રજુ કરાતા નથી ? આ પણ થવું જોઈએ. અને એજ **આચાર્યશ્રી**ની **પરંપરા**માં આ **પ.પૂ. શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ** આવે છે.

## પૂ. શા. સ્વામી શ્રી નિર્ગુણદાસજી - અમદાવાદ



મોટા મોટા **સમૈયા-ઉત્સવો** થતાં હોય, તેમાં ભગવાન, ભગવાનનું સ્વરૂપ અને ભગવાનના ભક્તો એ જીવાત્મા માત્રનો **પ્રાણ** છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના આશ્રિતોને **પ્રગટ સ્વરૂપે** વિચરવાની **હૈયાધારણા** આપી છે. તેમાં એક તો પોતે બાથમાં લઈને **સ્થાપિત** કરેલા શ્રીનરનારાયણ-શ્રી લક્ષ્મીનારાયણ આદિક **દેવો**, બીજા સ્વયં **સ્વહસ્તે લખેલી** વાઙ્મય સ્વરૂપ **શિક્ષાપત્રી** આદિક **સત્શાસ્ત્રો**, ત્રીજા **ધર્મવંશી આચાર્ય** - તેને કોઈ જીવ જેવા કે દેવ જેવા ન માનશો. તે તો સાક્ષાત્ ભગવાન શ્રીહરિનું **અપરસ્વરૂપ** છે. અને ધર્મવંશી આચાર્ય પાસેથી જેમણે **દિક્ષા** લીધી હોય, **ગુરુમંત્ર** લીધો હોય એ જ સંપ્રદાયના **સાચા સત્સંગી** અને **સાધુ** છે. એ ધર્મવંશી આચાર્યને મૂકી, શ્રીહરિ સ્થાપિત દેવોને મૂકી અને પોતે માન્ય કરેલા સત્શાસ્ત્રોની આજ્ઞાઓનું ઉલ્લંઘન કરીને આજે જગતમાં ગમે તેટલું કરવામાં આવે તો એ ભગવાન શ્રી સ્વામિનારાયણને પ્રસન્ન કરનારું ન થાય તે ન જ થાય. **જેમણે કોઈને ભગવાન શ્રીહરિને રાજી કરવા હોય તેમણે** શ્રીજીમહારાજે બાંધેલી **મર્યાદાઓ**, સ્થાપિત કરેલા **દેવો** અને પોતે સ્થાપિત કરેલા **ધર્મવંશી આચાર્યને** વળગી રહે તો તેને માટે **અક્ષરધામ** જરાય દૂર નથી. આ સમયે આપણને જે મળ્યું છે તેમાંથી ક્યારેય નિષ્ઠા ન ડગે તેવી આ સભામાં અધ્યક્ષસ્થાને બિરાજતા પ.પૂ. લાલજી મહારાજશ્રીના શ્રીચરણોમાં પ્રાર્થના કરીએ કે આશીર્વાદ આપે તે સાથે...

## પૂ. શા. સ્વામી શ્રી પુરુષોત્તમચરણદાસજી - ઝૂંડાલ



આજના યુગમાં **આ મહોત્સવ** ખૂબજ **જરૂરી** છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્થાપેલા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના **અણિશુદ્ધ સિદ્ધાંતોનું પાલન** એ જ પ.પૂ. લાલજી મહારાજશ્રી, પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો **સંકલ્પ** છે. અને તેના નાનોમાં નાનો ભક્ત પણ તેમાં જોડાયો તે આ સભાના દર્શનથી જોઈ શકાય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ **સમકાલીન ભક્તોને** જેમ લોહચુંબક ખીલીઓને ખેંચે તેમ ભગવાનમાં ખેંચાણ થતું હતું તેમ આજે **પ.પૂ. લાલજી મહારાજશ્રીનું વ્યક્તિત્વ** સૌ કોઈને ખેંચી રહ્યું છે.

## પૂ. પુરાણી સ્વામી શ્રી શ્રીહરિદાસજી - વરજાંગ જાળિયા



આજનો આ **પ્રસંગ** જોતા એમ લાગે છે કે, **ધર્મકુળ પ્રત્યે** સુરતના ભક્તોને જે લાગણી છે તે **દ્દષ્ટિગોચર** થાય છે. પહેલા દિવસથી આટલી ભક્તમેદની અને એમાંય રાત્રિના સત્રમાં સભામંડપની **સાઈટ આડસો** ખોલી નાખવી પડે એટલી સંખ્યામાં હરિભક્તો જ્યારે **ઉપસ્થિત** થતાં હોય ત્યારે એકવાત **નક્કી** થાય છે કે, સુરતવાસી ભક્તોને **સાચા હીરાની ઓળખાણ** થઈ છે. જેમ હીરાના વેપારીઓ હીરાને પારખી શકે છે તેમ તમોએ પણ **ધર્મકુળ ચુડામણી** પ.પૂ. **લાલજી મહારાજશ્રી**, પ.પૂ. **આચાર્ય મહારાજશ્રીને** પારખી શક્યા છો.

## પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજી - બગસરા



સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ** પ્રગટ થઈને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને સંતો દ્વારા  આવા મહોત્સવના માધ્યમથી શ્રીમદ્ સત્સંગિજીવન કથાના **આ સભામંડપોને** ભક્તસમુદાયથી ભરી દીધા છે. સત્સંગિજીવનની કથા એટલે **સર્વોપરી કથા** છે, આજના સંદર્ભને લક્ષમાં રાખીને લખાયેલી આ કથા છે. આ મહોત્સવના માધ્યમથી લાખો ભક્તજનોને **ભગવાન શ્રીહરિની સર્વોપરીતા** દર્શન થશે. ભગવાન શ્રી સ્વામિનારાયણના અનંત જીવાત્માના **આત્યંતિક કલ્યાણના સંકલ્પ**ને આવા **મહામહોત્સવોના માધ્યમથી** પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને સંતો-ભક્તો આગળ વધારી રહ્યા છે.


## પૂ. શા. સ્વામી શ્રી ગોવિંદપ્રસાદદાસજી - વાઘોડિયા



